## પ્રેસ નોટ

સચીન પોલીસ સ્ટેશન સુરત શહેર

ટેલીફોન નંબર ૦૨૬૧ ૨૩૯૨૨૫૮

તા-૨૦/૦૨/૨૦૧૯

# મોબાઇલ ચોરીનો અનડીટેક ગુનો

# શોધી કાઢી કુલ ૧૯ મોબાઈલ કબ્જે કરતી સચીન પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી રેન્જ-૦૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સાહેબ ઝોન-૦૩ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ એફ ડીવિઝન નાઓએ તા.૧૬/૦૨/૨૦૧૯ ના રોજ મોબાઇલ સ્નેચીંગ તેમજ મોબાઇલ ચોરીને લગતા બનાવો બનતા અટકાવવા સારૂ ખાસ મીટીંગનુ આયોજન કરવામા આવેલ જેમા મોબાઇલ સ્નેચીંગ તેમજ મોબાઇલ ચોરી અટકાવવા સારૂ આપેલ સુચના અને માર્ગદર્શન આધારે પો.ઇન્સ સાહેબ શ્રી એમ.બી.મછાર નાઓની સુચનાથી સચીન પો.સ્ટે વિસ્તારમા સર્વેલન્સ સ્ટાફના તથા બીજા પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી સઘન પેટ્રોલીંગ રાખવામા આવેલ દરમ્યાન સાથેના અ.હે.કો રાજન શાલીગ્રામ તથા અ.પો.કો રાજુભાઇ હાલુભાઇ નાઓને મળેલ સયુકત બાતમી આધારે કાયદાના સંઘર્ષમાં આવેલ બે બાળ કીશોરો ને એક લાલ કલરનો ઓપો કંપની નો મોડલ-F7 મોબાઇલ ફોન કી.રૂ. ૨૧,૭૦૦/- તથા રોકડા રૂપીયા ૪૦૬૦/- સાથે ઝડપી પાડેલ અને તે મોબાઈલ ફોન તથા રોકડા રૂપીયા ની ખાત્રી કરતા તે સચીન પો.સ્ટે I.ગુ.ર.ન.૧૭/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીમા ગયેલ મોબાઇલ ફોન તથા રોકડા રૂપીયા હોવાનુ જણાયેલ ત્યારબાદ મજકુર બન્ને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરોને ઘનિષ્ટ પુછ પરછ કરી તેમના ઘરે તપાસ કરતા તેઓના ઘર માંથી બીજા કુલ્લે -૧૮ મોબાઇલ આશરે કિ.રૂ.૧,૬૩,૪૦૦/- મળી આવેલ અને તે મોબાઈલ ફોન પણ ચોરી કરી મેળવેલ હોવાની કબુલાત કરેલ હોય કુલ્લે મોબાઈલ ફોન નંગ-૧૯ કિ.રૂ. ૧,૮૫,૧૦૦/- તથા અંગ ઝડતીના રોકડા રૂ.૪૦૬૦/- મળી કુલ્લે રૂ. ૧,૮૯,૧૬૦/- નો મુદ્દામાલ સાથે પકડાયેલ બન્ને બાળ કિશોરોને ડીટેન કરી કાયદેસરની કાર્યવાહી કરી ખુબજ પ્રશંસનીય કામગીરી ટીમવર્ક દ્વારા કરવામા આવેલ છે.